શનિવાર ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૪
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ ૭

# ચાલો મળીએ સુરતની સફળ બિઝનેસ વિમેનને

પ્રાચીન સમયમાં મહિલા રાજકર્તા હતી, શસ્ત્રવિદ્યામાં મહિલાઓ પારંગત હતી, ઘોડેસવારી પણ કરી શકતી તે આપણને ઇતિહાસનાં પુસ્તકોમાં જાણવા મળે છે પણ તે સમયે મહિલાઓ વાણિજ્ય એટલે કે વ્યાપાર-ધંધામાં પાવરધી હતી કે નહીં તે ખાસ જાણવા નથી મળતું. કદાચ વ્યાપાર માટે દૂર દૂર સુધી જવું પડે તે સ્ત્રીઓ માટે કદાચ મુશ્કેલ હશે. હા, એટલું જાણવા મળે છે કે પ્રાચીન સમયમાં સુમેરિયામાં એક મહિલા વિવિધ વ્યાપારોમાં જાણીતું નામ હતી. બીજી એક મહિલાનું પણ વ્યાપારમાં સારું એવું નામ હતું. તે સિવાય મહિલા વ્યાવસાયિકો વિશે ખાસ જાણવા નથી મળતું પણ અત્યારનો દોર એવો છે જ્યારે પુરુષોના ગણાતા બિઝનેસના ક્ષેત્રમાં પણ મહિલાઓની ભાગીદારી વધી છે. મહિલા અને પુરુષ વચ્ચેના ભેદભાવની રેખાઓ ઓછી થઇ ગઇ છે. આપણા દેશની ફેમસ બિઝનેસ વિમેનમાં કિરણ મજમુદાર-શૉ, વંદના લુથરા, ફાલ્ગુની નાયર, વિનિતા સિંહ, રીતુ કુમાર, શહેનાઝ હુસેન જાણીતાં નામ છે. સુરતની જ વાત કરીએ તો ફૂડ ઇન્ડસ્ટ્રીઝમાં, ગિફ્ટ ઇન્ડસ્ટ્રીઝમાં, હેન્ડી ક્રાફ્ટ આર્ટિકલ્સના બિઝનેસમાં મહિલાઓએ હથોટી મેળવી લીધી છે અને એટલું જ નહીં એકલા હાથે બિઝનેસનો પાયો નાખવાની સાથે સાથે બીજી મહિલાઓને પણ રોજગાર આપી રહી છે. તેમનો બિઝનેસ માત્ર સ્થાનિક લેવલ સુધી જ સીમિત નથી પણ દેશપારના દેશોમાં પણ તે પોતે બનાવેલા આર્ટિકલ્સ અને અન્ય વસ્તુઓ મોકલી સફળ બિઝનેસ વિમેનના લિસ્ટમાં સામેલ થઇ ગઇ છે. પહેલાં તો જો મહિલાઓ બિઝનેસ કરતી તો તે વધારે તો કપડાને લગતો રહેતો કે પછી કોસ્મેટિક વસ્તુઓના બિઝનેસ સાથે સંકળાયેલી રહેતી અને બહુ બહુ તો પતિની દુકાન સંભાળતી. હવે તો સ્ટાર્ટ અપ માં પણ સુરતી મહિલાઓએ સારું કાઠું કાઢ્યું છે. તમે ધારી ના શકો એવા ઇનોવેટિવ બિઝનેસ સુરતી મહિલાઓ સંભાળી રહી છે. તે કયા પ્રકારના ઇનોવેટિવ બિઝનેસ છે? તેમણે અનોખો બિઝનેસ શરૂ કરવાનો કેમ નિર્ધાર કર્યો, સ્ત્રી તરીકે તેમણે બિઝનેસ કરવા માટે કયા ક્યા પડકારોનો સામનો કરવો પડ્યો, તેઓ પોતાની જાતને કેટલી સફળ બિઝનેસ વુમન માને છે તે આપણે સુરતની કેટલીક બિઝનેસ વુમન પાસેથી તેમના શબ્દોમાં જાણીએ...



## 14 પ્રકારના મુખવાસનો બિઝનેસ કરું છું, ગુજરાતી NRI પણ કસ્ટમર છે: રોશની ટેલર



પીપળોદ વિસ્તારમાં રહેતાં 48 વર્ષીય રોશનીબેન 14 પ્રકારના મુખવાસ બનાવી તેનું સેલિંગ કરે છે. તેમણે જણાવ્યું કે, ''પહેલાં હું અને મારા હસબન્ડ કોમ્પ્યુટરના બિઝનેસમાં સાથે હતાં પણ પછી મારા હસબન્ડ રિયલ એસ્ટેટના બિઝનેસ તરફ વળી ગયા અને હું થોડાં વર્ષ હોમ મેકર રહી પણ મને બિઝનેસ કરવાની પ્રબળ ઈચ્છા થતી. હું મારા ઘર માટે પાનનો મુખવાસ બનાવતી જે હું ઘરે આવતા ગેસ્ટને અને NRI ગેસ્ટને આપતી તો તેઓને તેનો ટેસ્ટ બહુ ભાવતો અને તેઓ તારીફ કરતા. એ જોઈ મારા દીકરાએ મને મુખવાસનો બિઝનેસ શરૂ કરવા કહ્યું અને એ સાથે મને કયો બિઝનેસ કરવો તેની દિશા મળી ગઈ એટલે પછી મેં મુખવાસનો બિઝનેસ શરૂ કર્યો. હું 14 પ્રકારના મુખવાસ બનાવું છું જેમાં વિન્ટરમાં બીટ આમળા, ગુંદર અને ડ્રાયફ્રૂટ્સ, વરિયાળી-ધાણા, ફ્લેક્સ સીડ્સ. આજની જનરેશન હેલ્થ પ્રત્યે ખાસ્સી અવેર થઈ છે તેમના માટે સીડ્સ અને બેરીઝ, સોલ્ટી ગોટલી, ચોકલેટનો મુખવાસ બનાવું છું. હું લોકોના બજેટ પ્રમાણે મુખવાસ બનાવી આપું છું. કોઈને જો પમ્પકીન સીડ્સનું પ્રમાણ ઓછું જોઈએ કે પછી ગુલકંદનું પ્રમાણ ઓછું જોઈએ તો તે પ્રમાણે બનાવી આપું છું. સમર સ્પેશ્યલ રોઝ પેટલ મુખવાસ બનાવતી જેની ડિમાન્ડ વધતા તે હવે બારે માસ બનાવું છું. U.S., U.K., કેનેડા, ન્યૂઝિલેન્ડ રહેતા ગુજરાતી NRI ડિસેમ્બરમાં સુરત આવે ત્યારે પણ મારા બનાવેલા મુખવાસ લઈ જાય છે અથવા તેમના સુરત રહેતાં રિલેટિવ્ઝ મારી પાસેથી મુખવાસ ખરીદી વિદેશ મોકલે છે. કોમ્પિટિશન તો દરેક ફિલ્ડમાં છે. મારા આ બિઝનેસમાં પણ ભાવને લઈને કોમ્પિટિશન છે પણ હું સ્ટાન્ડર્ડ ક્વોલિટી રાખતી હોવાથી મને બહુ કોમ્પિટિશન નડતી નથી. 5 વર્ષમાં મારો બિઝનેસ ખાસ્સો ફૂલ્યોફાલ્યો છે.'' ●



## સુરતમાં ચીઝ સમોસાના વ્યવસાયની શરૂઆત મેં કરી હતી: રચના ધમણવાળા






ઘોડદોડ રોડ વિસ્તારમાં રહેતાં 52 વર્ષીય રચનાબેન સમોસા ક્વીન તરીકે ઓળખાય છે. તેઓ 20 વર્ષથી ફ્રોઝન ફૂડનો બિઝનેસ કરે છે. રચનાબેને જણાવ્યું કે, ''મને રસોઈ બનાવવાનું ખૂબ ગમે. મારા હાથના બનાવેલા સમોસા સગાંસંબંધી, મિત્રોને ભાવતાં. તેમાંથી જ મને સમોસાના વ્યવસાયની પ્રેરણા મળી. સુરતમાં મેં જ ચીઝ સમોસાનો વ્યવસાય શરૂ કર્યો હતો. SMC ના ફૂડ ફેસ્ટિવલમાં પણ મારા બનાવેલા સમોસા માટે લોકો તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો. આજે હું 10 વ્યક્તિઓને મારા બિઝનેસ થકી રોજગાર આપી રહી છું. સમોસા સિવાય પણ બીજા ઘણા નવીનતમ ફરસાણનો હું સ્વાદ શોખીનને ટેસ્ટ કરાવું છું. સોશ્યલ મીડિયા પર બહુ એક્ટિવ નથી પણ માઉથ ટુ માઉથ પબ્લિસિટીથી જ સફળ બિઝનેસ વુમન બની છું. ફૂડ બિઝનેસમાં આપણે જો ટેકનોલોજી અને ફૂડ મશીનરીને અપનાવીએ તો ફૂડ બિઝનેસ ઘણો સરળ થઈ જાય. દરેક બિઝનેસમાં સ્ટ્રગલ તો હોય જ છે હું પણ સ્ટ્રગલ કરીને ધીરે ધીરે બિઝનેસને આગળ ધપાવતી ગઈ અને એ રીતે સફળ બિઝનેસ વુમન બની છું. હું કોઈને મારા કરતાં સારા કે મારા કરતાં ઊતરતાં નથી માનતી. દરેક બિઝનેસ પર્સન પોતાની રીતે સારામાં સારું કામ કરતો જ હોય છે. 20 વર્ષ પહેલાં સોશ્યલ મીડિયા આટલું એક્ટિવ નહોતું છતાં મેં ફ્રોઝન ફૂડ બિઝનેસમાં મારું મજબૂત સ્થાન બનાવ્યું છે. મારા ફ્રોઝન ફૂડના NRI કસ્ટમર પણ છે.'' ●

## 5 વર્ષથી સુરતમાં વેડિંગ અને કોર્પોરેટ ગિફ્ટિંગનો બિઝનેસ કરું છું : અભિલાષા જૈન



ન્યૂ સિટીલાઈટ વિસ્તારમાં રહેતાં 42 વર્ષીય અભિલાષા જૈન કોર્પોરેટ અને વેડિંગ ગિફ્ટિંગના વ્યવસાય સાથે સંકળાયેલાં છે. તેમણે જણાવ્યું કે "મારો જન્મ પશ્ચિમ બંગાળમાં થયો હતો. હું 5 વર્ષ પહેલાં સુરત આવી તે પહેલાં હું તમિલનાડુમાં રહેતી હતી. 2019માં મારો ડિવોર્સ પીરિયડ ચાલતો હતો તે દરમિયાન મને સુરતમાં ગિફ્ટ શૉ રૂમ શરૂ કરવા પાર્ટનરશીપની ઓફર થઈ હતી. આ બિઝનેસના સેટઅપ માટે હું સુરત તો આવી ગઈ પણ પાર્ટનરશીપમાં બિઝનેસ શરૂ થઈ શક્યો નહીં પણ મેં હાર નહીં માની. શરૂઆતના 6 મહિના મેં વર્ક ફ્રોમ હોમ કરી બિઝનેસની શરૂઆત કરી હતી. પછી વેસુમાં રેન્ટ પર શોપ લઈ આ બિઝનેસ શરૂ કર્યો. હવે મારી પોતાની માલિકીની શોપ છે. હું સુરત આવી અને 2020માં લોકડાઉન લાગુ પડ્યું ત્યારે ફાઇનાન્શ્યલી ભાંગી પડી હતી. જે ઓર્ડર આવેલા તે પણ કેન્સલ થયા હતા અને લોકડાઉનમાં તો કોઈ ગિફ્ટ આર્ટિકલ્સ લેતા નહોતા. જો કે હું હિંમત નહીં હારી એનું પરિણામ આજે તમે જોઈ શકો છો. મારા ગિફ્ટ આર્ટિકલ્સ ફોરેન પણ જાય છે અને ઇન્ડિયાનાં ઘણાં સિટીઝ મુંબઈ, દિલ્હી, બેંગ્લોર, કોલકતા, રાયપુર, હૈદરાબાદ લગભગ બધા જ સ્ટેટમાં મારા ગિફ્ટ આર્ટિકલ્સ જાય છે. હું સુરત આવી ત્યારે તો મને ગુજરાતી નહોતું આવડતું અને કસ્ટમર મોટાભાગના ગુજરાતી બોલે. આમ તો હું ગુજરાતી સમજી લઉ છું પણ હું કસ્ટમરને કહું કે મને ગુજરાતી નથી આવડતી તો તેઓ હિન્દીમાં વાત કરશે તો મારા માટે સરળતા રહેશે. હું સિંગલ મધર છું મારા માટે ઘરની જવાબદારી, દીકરાની જવાબદારી હોવાની સાથે શૉ રૂમની જવાબદારી ઉઠાવવી ચેલેન્જિસ તો રહ્યું છે પણ મને એ વાતનું ગર્વ છે કે હું સુરત આવીને પોતે પગભર બની અને 6 લોકોને મારા બિઝનેસ થ્રુ રોજગાર આપી રહી છું. સ્ત્રી સિંગલ મધર હોય તો પણ આપમહેનતે સફળતાના શિખરે પહોંચી શકે છે.'' ●



## વુડનના આર્ટિકલ્સનો બિઝનેસ કરું છું, મારા 80% આર્ટિકલ્સ સુરત બહાર જાય છે: ડિમ્પલ લોટવાળા



પાલ વિસ્તારમાં રહેતાં 51 વર્ષીય ડિમ્પલબેનનો વુડન આર્ટિકલ્સ જેમ કે વુડનની ટ્રોફી, ગણપતિ, રંગોળી, શુભ-લાભ, પગલાં, બાજઠનો બિઝનેસ છે. તેમણે જણાવ્યું કે, ''હું પહેલાં સ્કૂલમાં ટીચર હતી પણ અમુક કારણોસર મેં જોબ છોડી હતી. મને રંગોળી બનાવવાનો બહુ જ શોખ પણ મારું વેટ 130 કિલો હતું એટલે હું નીચે બેસીને રંગોળી નહોતી કરી શકતી. પછી મેં રંગોળી માટે વુડનના બ્લોક બનાવ્યા જેનાથી હું સરળતાથી રંગોળી કરી શકતી. મને મારા એક ઓળખીતા તરફથી માટીના દીવા વિદેશ મોકલવાનો ઓર્ડર મળ્યો હતો. પછી તો મેં ઘરની સાઈડમાં છાપરું નાખી મારા બિઝનેસની શરૂઆત તદ્દન નાના પાયે કરી હતી. પછી પાકા પાયા પર વર્કશોપ બનાવ્યું અને 3 આસિસ્ટન્ટ પણ રાખી છે. હું મેરેજ માટે બાજઠ પણ બનાવું છું. મારા બનાવેલા 80%થી વધુ આર્ટિકલ્સ વિદેશ જાય છે. મારો વુડન, માટી અને સ્ટીલના આર્ટિકલ્સ બનાવવાનો બિઝનેસ છે. મને સ્ટીલની આરતીની થાળી બનાવવાના ઓર્ડર પણ પુષ્કળ મળે છે. મને સાઉથ આફ્રિકા, U.S., U.K., લંડનથી ઓર્ડર મળે છે. મારી કોઈની સાથે કોમ્પિટિશન નથી કેમ કે મારું વર્ક એકદમ યુનિક છે. હું આર્ટિકલ્સ બનાવતી હોઉ ત્યારે મારા હસબન્ડ પણ મારી પાસે બેસી તેમનું વર્ક કરે છે, આ રીતે મારા હસબન્ડ મને સપોર્ટ કરે છે. હું બિઝનેસ સંભાળવાની સાથે મારા પરિવારની જવાબદારી પણ બખૂબી નિભાવું છું. હું નવી નવી આર્ટ પણ શીખું છું અને પોતાને વધારે ને વધારે બેટર બનાવી મારા બિઝનેસનો વ્યાપ વધારું છું.'' ●



## મારા બિઝનેસ થકી આજે હું બીજી મહિલાઓને રોજગાર આપું છું: પ્રિયા ગજ્જર





ડબગરવાડ વિસ્તારમાં રહેતાં 50 વર્ષીય પ્રિયાબેન હેન્ડી ક્રાફ્ટના બિઝનેસ સાથે સંકળાયેલાં છે. તેમણે જણાવ્યું કે, ''મારો ઓનલાઈન બિઝનેસ છે. મેં 6 મહિલાઓને પણ આર્થિક રીતે પગભર બનાવી છે. હું તેમને હેન્ડી ક્રાફ્ટ વસ્તુઓ બનાવવા મટીરિયલ આપું છું. તેઓ મારી પાસે બેસીને અથવા ઘરે બેસીને આર્ટિકલ્સ બનાવે છે જેનું હું વિદેશમાં પણ સેલિંગ કરું છું. હું પૂણેથી સુરત મેરેજ કરીને આવી હતી. પૂણેમાં પણ મમ્મીને પૈસાની અછત હોવાથી તોરણ, મોઝેક, મિરર વર્ક, મિક્સ મીડિયા થકી યુનિક આર્ટિકલ્સ બનાવી આર્થિક રીતે સપોર્ટ કરતી. મેરેજ કરીને સુરત આવી ત્યારે હસબન્ડે મને મારી કળાને આગળ ધપાવવા પ્રોત્સાહન આપ્યું અને હું સુરતમાં 26 વર્ષથી હેન્ડીક્રાફ્ટ વસ્તુઓનો બિઝનેસ કરું છું. જુલાઈથી દિવાળી સુધી મારો બિઝનેસ ફૂલબહાર ખીલી ઊઠે છે. એ પછી મેરેજની સીઝનમાં જ્વેલરી મેકિંગનો પણ મારો બિઝનેસ રફતાર પકડે છે. મારી આ વસ્તુઓના કસ્ટમર U.K., U.S., દુબઈ, જર્મનીના પણ છે. હું ત્યાં આવા આર્ટિકલ્સ મોકલું છું અથવા તો એમના અહીં રહેતાં રિલેટિવ્ઝને ત્યાં મોકલી દઉ તેઓ જ્યારે તે કન્ટ્રીમાં જવાના હોય ત્યારે સાથે લઈ જાય છે. હું માનું છું કે સફળતાની કોઈ સીમા નથી હોતી. મેં ગયા વર્ષે જેટલું સેલિંગ કર્યું હોય તેનાથી બમણું આ વર્ષમાં સેલિંગની ખેવના રાખું અને તે માટે સખ્ત મહેનત કરું છું.'' ●

## મંદિરમાં ચઢાવાતાં ફૂલો કલેક્ટ કરી બનાવું છું અગરબત્તી અને ધૂપ: મૈત્રી જરીવાળા





સુમુલ ડેરી રોડ વિસ્તારમાં રહેતાં 24 વર્ષીય મૈત્રી જરીવાળાનો બિઝનેસ યુનિક છે. તેઓ શહેરનાં 300-350 મંદિરોમાં ભક્તો દ્વારા અર્પણ કરાયેલાં ફુલોમાંથી અગરબત્તી, ધૂપ, સોપ અને બીજી પ્રોડક્ટ્સ બનાવી તેનો ઓનલાઈન બિઝનેસ કરે છે. તેમણે જણાવ્યું કે, ''મારા આ બિઝનેસ પાછળનો મુખ્ય ઉદ્દેશ જે ફૂલો બીજા દિવસે સુકાઈ જતાં હોય તેને નદીમાં જવા દેવા કરતાં તેમાંથી ઉપયોગી પ્રોડક્ટ બનાવવાનો છે. હું કેમિકલ એન્જિનિયર છું. હું જ્યારે કોલેજમાં હતી ત્યારે જ મને આ પ્રકારના બિઝનેસનો આઈડિયા આવ્યો હતો. ફૂલોમાંથી વિવિધ પ્રોડક્ટ બનાવવાનો મારો પ્લાન્ટ મહિધરપુરામાં છે. મને SMC મંદિરોમાંથી ફૂલો કલેક્ટ કરીને આપે છે. મારા એમ્પ્લોઈ ફૂલોને સાફ કરી તેને ડ્રાય કરી તેનો પાઉડર બનાવી પછી વિવિધ પ્રોડક્ટ બનાવે છે. મારા આ બિઝનેસ થકી 17થી 18 વ્યક્તિઓને રોજગાર આપું છું. મારા એમ્પ્લોઈમાં 75% મહિલાઓ છે. દરેક બિઝનેસમાં કોમ્પિટિશન હોય છે. જો કે મારો આ બિઝનેસ યુનિક છે તેમાં કોમ્પિટિશન જેવું નથી પણ આ બિઝનેસ મેં શરૂ કર્યો ત્યારે પહેલાં મને ડર હતો કે લોકો આવાં ફૂલોમાંથી બનેલી પ્રોડક્ટને પસંદ કરશે ખરાં? જો કે, મારા બિઝનેસને 3 વર્ષ થઈ ગયાં છે અને મને સૌથી વધારે જે ગમી રહ્યું છે તે એ છે કે હું 24 વર્ષની ઉંમરે બિઝનેસ વુમન બની ગઈ છું અને 11 મહિલાઓને રોજગાર આપું છું.'' ●

આજે લગભગ બધાં જ ક્ષેત્રોમાં સન્નારીઓએ પોતાને શ્રેષ્ઠ પુરવાર કરી છે. સ્ત્રી મમતાની મૂરત કહેવાય છે એટલે જ કદાચ તે બિઝનેસના કઠોર નિર્ણય નહીં લઈ શકતી હોવાથી પ્રાચીન સમયમાં વ્યાપાર-વાણિજ્ય ક્ષેત્રમાં મહિલાઓનું બહુ મોટું યોગદાન નહીં રહ્યું પણ આજની નારી ફક્ત દિલથી જ નહીં પણ દિમાગથી પણ નિર્ણય લે છે. એટલે જ તે વિવિધ બિઝનેસને સફળતાપૂર્વક ચલાવી રહી છે. જો કે, હજી પણ સુરતમાં બિઝનેસ વુમન બહુ મોટી સંખ્યામાં નથી અને જે છે એમાંથી મોટાભાગની કપડાંના બિઝનેસમાં, બ્યૂટી બિઝનેસમાં અને ખાદ્યપદાર્થોના બિઝનેસમાં છે પણ સુરતની કેટલીક મહિલાઓએ જુદો ચીલો ચાતરીને અનોખા બિઝનેસ અપનાવ્યા કે જેમાં તેમણે એવી માસ્ટરી મેળવી લીધી કે તેમને કોમ્પિટિશન બહુ નડતી નથી. જો કે તેમણે પોતાના સામર્થ્ય પર આપબળે બિઝનેસ ઊભો કર્યો અને પોતાની સૂઝબૂઝથી બિઝનેસને આગળ ધપાવી બીજી મહિલાઓ માટે પ્રેરણાસ્ત્રોત બની છે.